


## મેઘરજ સરકારી કોલેજ ખાતે સરદાર પટેલ પ્રતિમા સ્થાપન કાર્યક્રમ

અરવલ્લી જીલ્લાના મેઘરજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે રાષ્ટ્રના લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પ્રસ્થાપન અને અનાવરણ કાર્યક્રમ ગુજરાત રાજ્ય મહીલા આયોગના અધ્યક્ષ લીલાબેન આંકોલીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. અખંડ ભારતના શિલ્પી અને ગુજરાતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનમાંથી આજની યુવા પેઢીને પ્રેરણા મળી રહે તેવા શુભ આશયથી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના નિયત કાર્યક્રમ મુજબ સ્ટેચ્યુ ઓફ યુનીટી બાદ કોલેજો અને સંસ્થાઓમાં ઠેર ઠર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પ્રસ્થાપન અને અનાવરણ કાર્યક્રમો ચાલી રહ્યા છે ત્યારે આવો જ એક કાર્યક્રમ મેઘરજની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે યોજાયો હતો. જેમાં આમંત્રીત મહેમાનો ધ્વારા પ્રસંગ અનુરૂપ પ્રવચન આપી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનુ ફુલહાર અને પુષ્પોથી પ્રસ્થાપન અને અનાવરણ કરવામાં આવ્યુ હતુ.

# ખેડબ્રહ્મા શહેરમાં પૈસાની લેતી દેતીમાં થયેલી મારામારીમાં ફરિયાદ નોધાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા શહેરમાં સોમવારે થયેલ મારામારીમાં ગોતા ગામના નિવૃત શિક્ષકે ચાર જણા વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર સોમવાર બપોરે ખેડબ્રહ્મા શહેરમાં મહાકાલી મંદિર નજીકમાં આવેલ કોમ્પ્લેક્ષમાં પ્રથમ માળે ગોતા ગામના શિરીશકુમાર દયાશંકર ત્રિવેદી નવનિલ રાઈટ ચોઈસ પ્રાઈવેટ લિમિટેડ નામની દુકાન ધરાવે છે. જેમાં બપોરના સમયે શિરીશભાઈ તેમનો પુત્ર પ્રતિક કામ કરતાં હતા અને તેમના પિતા દયાશંકરભાઈ અને ગોતા ગામના સાગર અશોકભાઈ ઉપાધ્યાય બહાર કેબિનમાં બેઠા હતા. તેવામાં બપોરના સમયે રુદ્રમાલા ગામના બાપુ અને દુકાનમા જઈ શિરીશભાઈ જોડે જઈ ગોતા ગામના તેજશકુમાર રાવલના પૈસાની લેણદેણ બાબતે ચર્ચા કરી ફોન પર તેજસ જોડે વાત કરી બાપુ જતાં રહેલા, દસ મિનિટ બાદ ગજેન્દ્રસિંહ તથા તેમની સાથે ઉમંગભાઈ પ્રદ્યુમન બાપુ અને જયપાલસિંહ તથા બીજા ૮થી ૧૦ માણસો હાથમાં લાકડી, ધોકા, પાઈપ લઈને આવી મા બેન સામે ગાળો બોલી શિરીષકુમાર અને પ્રતિકને લાકડી, ધોકાથી માર મારવા લાગેલ જેથી દાયશંકરભાઈ અને સાગર વચ્ચે પડતાં તેમણે પણ માર મારતા ઈજાઓ પહોચી હતી. જેથી તેમણે બૂમાબૂમ કરતાં દુકાનમા કામ કરતાં પ્રકાશભાઈ ઠાકરડા અને જેસીબીના ડ્રાઈવર ગજેન્દ્રસિંહ આવી છોડવેલ અને આ માણસો જતાં જતાં કહેતા ગયેલા કે આજે તો બચી ગયા છો. બીજી વાર જાનથી મારી નાખીશું તેમ કહી જતાં રહેલા, ત્યાર બાદ શિરીશકુમાર તથા પ્રતિકને માથાના ભાગે ઈજાઓ પહોચી હોઈ ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ લઈ ગયા હતા અને ત્યાથી વધુ સારવાર અર્થે હીમતનગર લઈ જવામાં આવ્યા હતા. જયારે દાયશંકરભાઈને ખેડબ્રહ્મા ખાતે સારવાર આપવામાં આવી હતી. શિરીશભાઈ ૩ ટકા તથા પ્રતિકને માથાના ભાગે ૬ ટકા લેવા પડ્યા હતા અને દયાશંકરભાઈને પીઠના ભાગે ઈજાઓ પહોચી હોઈ દયાશંકરભાઈએ ચારે ઈસમો વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબ ગુન્હો નોધી તપાસ હાથ ધરી હતી.




ઓશિયા હાઈપર માર્ટ દ્વારા દિવાળીના પર્વે ખરીદી કરનાર ગ્રાહકો માટે ફેસ્ટિવલ ડબલ ધમાકા ઓફર અંતર્ગત ઈનામી ડ્રો સ્કીમ મુકવામાં આવી હતી. જેનો તાજેતરમાં લકી ડ્રો કરવામાં આવતા પેથાપુરના ઈરફાન ઈસ્માઈલખાન પઠાણને એક્ટિવા-ફાઈવ-જી સ્કૂટર ઈનામમાં લાગ્યું છે. વિજેતાને ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતેના ઓશિયા હાઈપર માર્ટના આઉટલેટ પરથી આપવામાં આવ્યું હતું.

## સુકાઆંબા ગામ નજીક વાહને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકાના સુકાઆંબા નજીક સોમવારે એક અજાણ્યા વાહને રોડ ક્રોસ કરી રહેલ સાત વર્ષની બાળકીને હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવતા અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે સુકાઆંબા ગામના દિલીપભાઈ કોદરભાઈ મકવાણાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ સોમવારે સાંજના સુમારે રોડ પરથી પસાર થઈ રહેલ અજાણ્યા વાહનચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી રોડ ક્રોસ કરી રહેલ નર્મદાબેન (ઉં.વ.૭)ને ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી તેણીનું મોત નિપજ્યું હતુ. અને વાહનચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. જેથી દિલીપભાઈ મકવાણાએ અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## જીએસટી ઈફેક્ટ ૫,૦૦૦ સિક્યોરીટી એજન્સીને તાળા

અમદાવાદ,તા.૧૮

રાજયમાં લોકોના જાન-માલની સુરક્ષા અને સલામતીની બહુમૂલ્ય સેવા બજાવી રહેલા સિકયોરીટી એજન્સીઓ તેમ જ તેમના સિકયોરીટી ગાર્ડના વિવિધ પ્રશ્નોને લઈ સિકયોરીટી એસોસીએશન ઓફ ગુજરાતની મહત્વની સામાન્ય સભા શહેરમાં યોજાઈ હતી, જેમાં પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના રજિસ્ટ્રેશન, લાઈસન્સ, ઓનલાઈન પોર્ટલ, જીએસટી સ્લેબ ઘટાડવા સહિત અનેકવિધ માંગણીઓ પર મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. સભામાં સેન્ટ્રલ એસોસીએશન ઓફ પ્રાઈવે સિકયોરીટી ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન કુંવર વિક્રમસિંહ સહિતના પદાધિકારીઓએ સિકયોરીટી એજન્સી માટેના નિયમો અને તેની શરતોને હળવી બનાવવાની સાથે સાથે જીએસટીના હાલના ૧૮ ટકાના સ્લેબને ઘટાડવા ઉગ્ર માંગણી કરી હતી. ગુજરાત સહિત દેશભરમાં કુલ ૨૨ હજારથી વધુ સિકયોરીટી એજન્સીઓ કાર્યરત હતી,તેમાંથી પાંચ હજારથી વધુ સિકયોરીટી એજન્સીઓને જીએસટીના માર અને સરકાર તેમ જ સત્તાધીશોના વધુ પડતા કડક નિયમો અને આકરી શરતોના કારણે તાળા મારી દેવાનો વારો આવ્યો છે. હાલ આ સિકયોરીટી એજન્સી પર આ પરિબળોને લઈ ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. આ સંજોગોમાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને આ સમગ્ર મામલે હકારાત્મક અને પ્રોત્સાહિત વલણ અમલી બનાવવા એસોસીએશનના પદાધિકારીઓએ અનુરોધ કર્યો હતો. સિકયોરીટી એસોસીએશન ઓફ ગુજરાતની મળેલી સામાન્ય સભામાં ગુજરાત સહિત દેશભરમાંથી વિવિધ સિકયોરીટી એજન્સીઓના પ્રતિનિધિઓ અને સરકારી પદાધિકારીઓ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લીના ૧૦૫૬ ગ્રામીણ ડાકસેવકો હડતાલ પર જતાં કામગીરી ખોરંભાઈ

## કમલેશચંદ્ર કમિટીની ભલામણ મુજબ પગાર ચુકવવાના અપાયેલા વચન બાદ છેતરપીંડી કરાઈ

હિંમતનગર, તા. ૧૮

પોસ્ટ ખાતામાં ફરજ બજાવતા ગ્રામીણ ડાકસેવકોએ થોડા મહીના અગાઉ પગાર તથા અન્ય માંગણીઓને લઈને કેન્દ્ર સરકાર સામે અવાજ ઉઠાવી હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું. પરંતુ તત્કાલીન સમયે અપાયેલી ખાતરી બાદ તેનો અમલ કરવામાં ઠાગાઠૈયા કરાતા સાબરકાંઠા-અરવલ્લીના મળી અંદાજે ૧૦૫૬ ગ્રામીણ ડાકસેવકોએ મંગળવારથી ફરથી હડતાલ પર ઉતરી જતાં પોસ્ટ વિભાગની કામગીરી પર તેની પ્રતિકૂળ અસરો જણાઈ હતી.

આ અંગે સાબરકાંઠા-અરવલ્લી એકમના અગ્રણીઓના જણાવાયા મુજબ બંને જિલ્લામાં મળી અંદાજે ૧૦૫૬ ગ્રામીણ ડાકસેવકો ફરજ બજાવે છે. તેઓએ થોડા મહીના અગાઉ પગાર તથા અન્ય એલાઉન્સમાં કમલેશચંદ્ર કમિટીની ભલામણો મુજબ વધારો માંગ્યો હતો. પરંતુ તત્કાલીન સમયે કેન્દ્રના ઉચ્ચ અધિકારીઓએ આ અંગે વાટાઘાટો કરી હડતાલ સમેટી લેવા માટે વિનંતી કર્યા બાદ હડતાલ સમેટી લેવામાં આવી હતી.

પરંતુ તાજેતરમાં ગ્રામીણ ડાકસેવકોને પગાર તથા અન્ય એલાઉન્સમાં તેમની માંગણી મુજબ વધારો ન થતા આ ગ્રામીણ ડાકસેવકોમાં પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાની લાગણી અનુભવી હતી.

દરમ્યાન થોડા સમય અગાઉ વડોદરા ખાતે ગ્રામીણ ડાક સેવકોની સર્કલ કક્ષાની મિટીંગમાં આ અંગે ચર્ચા કરાઈ હતી. અને તેમની માંગણીઓ પ્રત્યે કેન્દ્ર સરકાર દ્વારા સંતોષકારક રીતે હકારાત્મક વલણ ન દાખવતા મંગળવાર તા. ૧૮ ડિસેમ્બરથી ડાક સેવકોએ આપેલ હડતાલને પગલે સાબરકાંઠા અને અરવલ્લીમાં તેની અસરો જણાઈ આવી હતી. હડતાલ દરમ્યાન હિંમતનગરની મુખ્ય પોસ્ટ ઓફીસ આગળ ગ્રામીણ ડાક સેવકોએ સુત્રોચ્ચાર કરી સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો.



વાયબ્રન્ટ ઈમ્પેક્ટ : ગાંધીનગરમાં જાન્યુઆરી મહિનામાં યોજાનાર વાયબ્રન્ટના પગલે શહેરને સ્વચ્છ બનાવવાનું અભિયાન ચાલી રહ્યું છે. વન વિભાગ દ્વારા રાજમાર્ગો ઉપરની સેન્ટ્રલ વિસ્ટામાં સફાઈ પૂરજોશમાં ચાલી રહી છે. ચ-માર્ગ અને ઘ-માર્ગ પર રાત-દિવસ વનકર્મીઓ દ્વારા ઝાડી-ઝાંખરા હટાવાઈ રહ્યા છે.

# ગુજરાત ઠંડુગાર : નલિયામાં તાપમાન ગગડીને ૬.૨ ડિગ્રી

## અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૦.૮ ડિગ્રી થયું જનજીવન પર અસર : ગરમ વસ્ત્ર બજાર હાઉસફુલ રહ્યું

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં આજે હાડ થિજાવતી ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. નલિયામાં પારો જોરદારરીતે ગગડીને ૬.૨ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો હતો. જ્યારે ડિસામાં પારો ૮.૪ અને અમદાવાદમાં પારો ગગડીને ૧૦.૮ સુધી નીચે પહોંચ્યો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો ૧૦થી પણ નીચે રહ્યો હતો. જનજીવન ઉપર પણ તેની સીધી અસર થઈ હતી. આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં હજુ પણ બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, ખાસ કરીને બનાસકાંઠા, પાટણ, મોરબી, રાજકોટ અને કચ્છમાં કોલ્ડવેવ ફરી વળે તેવી શક્યતા છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન ઠંડા પવનો ફુંકાયા હતા અને લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. છેલ્લા બે દિવસથી તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર પણ અસર થઈ છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડી વધવાના સંકેત છે. કારણ કે, જમ્મુ કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા થઈ છે. હવામાન વિભાગના કહેવા મુજબ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થશે નહીં. છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીમાં એકાએક વધારો થતાં ગરમ વસ્ત્રોના બજારમાં જોરદાર તેજી જામી છે. રિવરફ્રન્ટ ખાતે ગરમ વસ્ત્ર બજારમાં આજે મંગળવારના દિવસે ભારે ભીડ જોવા મળ હતી. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા વિસ્તારોમાં નિચલી સપાટી ઉપર ઉત્તરીય પૂર્વથી પૂર્વીય પવાનો ફુંકાવાથી તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ રહેશે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. લઘુતમ અને મહત્તમ તાપમાનમાં હાલ ફેરફાર નહીં થાય તેમ માનવામાં આવે છે.

આજે સવારે પણ ઠંડી નોંધાઈ હતી. જો કે બપોરના ગાળામાં સુર્યપ્રકાશ રહેતા લોકો મિશ્ર સિઝનનો અનુભવ કરી રહ્યા છે. પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં વધારે ફેરફાર થશે નહીં.

## રૂપાલ ત્રણ રસ્તા પાસેથી કારમાંથી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગર-શામળાજી રોડ પર આવેલ રૂપાલ ત્રણ રસ્તા પાસેથી બાતમીને આધારે મંગળવારે ગાંભોઈ પોલીસે એક કારમાં લઈ જવાઈ રહેલ રૂ. ૨૬ હજારની કિંમતના વિદેશી દારૂ સાથે એક ઈસમની મુદ્દામાલ સાથે અટકાયત કરી તેની વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાઈ હતી.

ગાંભોઈ પોલીસના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રૂપાલ ત્રણ રસ્તા પાસેથી મંગળવારે સવારે એક કારમાં પાસ પરમીટ વિના વિદેશથી દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યોછે. જેઆધારે પોલીસેઅહીંથી પસાર થતી કાર નં. જીજે.૦૬. ડીજી. ૭૦૨૬નેઉભી રખાવી તેમાં તપાસ કરતા અંદાજે રૂ. ૨૬ હજારની કિંમતની ૭૧ બોટલ મળી આવી હતી. ત્યારબાદ પોલીસે કારમાં જઈ રહેલા લીલારામ હગરમ પંડવાલની પુછપરછ કરતા તેણે કોઈ પાસ પરમીટ રજુ ન કરતા પોલીસે તેની અટકાયત કરી વિદેશી દારૂ તથા કાર મળી રૂ. ૧.૨૬ લાખનો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ટ્રસ્ટમાં અપાનારુ દાન કરમુક્તિના પાત્ર રહેશે

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી રચાયેલા 'નમો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધિ ટ્રસ્ટ'ની ૮ લાખ ૯૭ હજારની સહાયની રકમના ચેક રાજ્ય સેવાના વર્ગ-૪ કર્મયોગીઓની ૯૩ દિકરીઓને કન્યા શિક્ષણ પ્રોત્સાહન સહાય રૂપે વિતરણ કર્યા હતા. નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીનું પદ છોડતી વખતે રાજ્ય સરકારના વર્ગ-૪ કર્મયોગીઓની દિકરીઓના કલ્યાણ માટે આ અનોખી પહેલ ૨૦૧૪માં કરી હતી. ગુજરાતમાંથી વિદાય થતાં તેમણે પોતાની મુખ્યમંત્રી તરીકેની વ્યક્તિગત વળતરની બચત મૂડીમાંથી ૨૧ લાખનું દાન જાહેર કર્યું હતું અને રાજ્ય સરકારના અદના કર્મયોગીઓની દિકરીઓના કલ્યાણની યોજના માટે રાજ્ય સરકાર દ્વારા આ દાનનો ઉપયોગ થાય તેવી લાગણી નરેન્દ્ર મોદીએ વ્યકત કરી હતી.

## સિંહોની માઠી... ● પહેલા પાનાનું ચાલુ

જંગલનો રાજા છે અને તે તેના વિસ્તારમાં તેની મરજી મુજબ આવ-જા કરવા અને હરવા-ફરવા સ્વતંત્ર છે, માણસે તેની સુવિધા માટે જંગલ અને ગ્રામ્ય વિસ્તારમાંથી રેલ્વે લાઈન નાંખી છે પરંતુ ટ્રેનના ડ્રાઈવરે ટ્રેન ચલાવતી વખતે શું ધ્યાન રાખ્યું અને જો રેલ્વે લાઈન પર સિંહ ચાલતા જોયા હોય તો ટ્રેન કેમ ધીમી પાડી તેઓને હટાવવાનો પ્રયાસ ના કરાયો. આમ નથી થયું તે સ્પષ્ટ કરે છે કે, ટ્રેનના ડ્રાઈવરે ટ્રેન ધીમી પાડવાના બદલે કે રોકવાના બદલે સિંહો પરથી પૂરપાટ ઝડપે ટ્રેન પસાર કરી હોઈ શકે, તો જ એકસાથે ત્રણ નિર્દોષ સિંહો કચડાઈને મૃત્યુ પામ્યા. સિંહ પ્રેમી જનતાએ આ સમગ્ર મામલે ન્યાયિક તપાસની માંગણી કરી છે.

## કારગિલમાં... ● પહેલા પાનાનું ચાલુ

એનસીઆર, નોઈડા સહિત છેક ઉત્તર પ્રદેશ સુધી પણ તેની અસર જોવા મળી રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઈ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. લેહમાં માઈનસ ૧૫.૧ ડિગ્રી તાપમાન રહ્ય છે. જ્યારે કારગીલમાં માઈનસ ૧૫.૮ ડિગ્રી તાપમાન રહ્યુ છે. હાલની સ્થિતી આગામી ચારથી પાંચ દિવસ સુધી જારી રહે તેવી શક્યતા છે. જેથી લોકોને કોઈ રાહત મળવાની શક્યતા નથી. શ્રીનગરમાં માઈનસ ૪.૬ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. પહેલગામમાં માઈનસ ૭.૭ અને ગુલમર્ગમાં પારો માઈનસ ૭.૬ ડિગ્રી રહ્યુ હતુ. હિલ્ સ્ટેશન ગણાતા શિમલા, મનાલી અને નારકન્ડામાં નવેસરથી હિમ વર્ષા થઈ છે. જેના કારણે તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. હિમવર્ષાના કારણે હિલ સ્ટેશન ખાતે બરફની ચાદર ચારેબાજુ છવાઈ ગઈ છે. દેશના પહાડી વિસ્તારોમાં હિમવર્ષના લીધે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. ઠંડીથી બચવા માટે લોકો ગરમ વસ્ત્રો, સૂર્યના ગરમ કિરણોનો સહારો લઈ રહ્યા છે. માઉન્ટ આબુમાં મજા માણવા માટે આવેલા લોકો અટવાઈ પડ્યા છે. પ્રવાસીઓ હાડ થિજાવતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

## લોકાર્પણ... ● છેલ્લા પાનાનું ચાલુ

નિર્માણ કરાયુ છે. જયારે વચાળે માતાજીની મુર્તિ પણ મુકવામાં આવી છે. વિશ્વના પ્રથમ પંચતત્વ આધારિત મંદિરના નિર્માણને અનુલક્ષી અડાલજ કોબા માર્ગ પર અડાલજ ચાર રસ્તા પર સ્થિત આ સર્કલને અન્નપુર્ણા ટ્રસ્ટ દ્વારા વિકસવાયુ છે. આગામી દિવસોમાં આ ઠેકાણે મંદિરની સાથે છાત્રાલય તેમજ કન્યા છાત્રાલય પણ બનશે. જયારે આઈ એસ અને આઈ પી એસ ટ્રેનિંગ સેન્ટર પણ બનશે. આ ઉપરાંત પાટીદાર સમાજની અલાયદી લાયબ્રેરી પણ બનશે. સમગ્ર લેઉવા પાટીદાર સમાજના કુળદેવી અન્નપુર્ણામાતાને અનુલક્ષીને શૈક્ષણિક અને ધાર્મિક હેતુને સાકાર કરવા માટે આ ઉમદા કામગીરી હાથ ધરાશે. આ અન્નપુર્ણા સર્કલનુ બુધવારે સાંજે ૫ કલાકે લોકાર્પણ કરાશે. મંદિર નિર્માણ સહીતના પ્રોજેક્ટ અન્વયે અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરાશે.

## વીજળી બિલ... ● છેલ્લા પાનાનું ચાલુ

આજે પત્રકારો સમક્ષ આ જાહેરાત કરતા જણાવ્યું કે, રાજ્યના અંદાજે ૬.૨૨ લાખ વીજ ગ્રાહકો પાસેથી બાકી નીકળતા રૂપિયા ૬૨૫ કરોડ માફ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકારની એક વખતની સંપૂર્ણ માફી યોજના હેઠળ ઘર વપરાશ, કોમર્શિયલ તેમજ ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોએ માત્ર રૂપિયા ૫૦૦ જ ભરવાના રહેશે. આથી તેમને બાકી રકમ તેમજ તેનું વ્યાજ ભરવામાંથી મુક્તિ આપવામાં આવશે. આ અંગે ઉર્જા રાજ્ય મંત્રી સૌરભ પટેલે વધુ વિગતો આપતા જણાવ્યું કે, આ માફી યોજનામાં જે વીજ ગ્રાહકોએ કરારિત વીજભાર કરતાં વધુ વીજભાર જોડેલ હોય કે વીજ ચોરીના કેસ ઉપરાંત જે ગ્રાહકો આર્થિક પરિસ્થિતિના કારણે વીજ બીલના નાણાં ભરપાઈ કરેલા ન હોય તેવા ગ્રાહકોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વીજ જોડાણો કાયમી ધોરણે બંધ થઈ ગયા હોય કે કપાઈ ગયા હોય તેવા તમામ ગ્રાહકોને પણ આ યોજનાનો લાભ મળશે. જયારે કાયમી ધોરણે બંધ થયેલા વીજ જોડાણોને ફરીથી ચાલુ કરી આપવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે કોંગ્રેસના પ્રવકતા ડો.મનીશ દોશીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકારોએ ખેડૂતોના દેવાં માફ કરતા રાજકીય દબાણમાં આવી ગયેલી ગુજરાતની ભાજપ સરકારે દેવાં માફીના બદલે વીજ ચોરી બીલ માફ કરી દેખાડો કર્યો છે. જસદણની પેટાચૂંટણી અગાઉ આ આચારસંહિતાનો ભંગ હોવા છતાં જો પ્રજાને લાભ થતો હોય તો અમે કોઈ વિરોધ નહિ કરીએ. જો કે, વિપક્ષના આ સૂર વચ્ચે ચૂંટણી પંચે ભાજપ સરકારને નોટિસ આપી ખુલાસો માંગ્યો છે કે, આ પ્રકારની જાહેરાત કરવામાં આદર્શ આચારસંહિતાનો ભંગ કરાયો છે કે કેમ? ચૂંટણી પંચની નોટિસને લઈ હવે સમગ્ર મામલો ગરમાયો છે. કોંગ્રેસના નેતા અલ્પેશ ઠાકોરે પણ આ જાહેરાતને સરકારની ખોરી દાનત ગણાવી જો સાફ દાનત હોય તો ખેડૂતોના દેવા માફ કરોની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો.

# ઉદ્યોગોને સ્પર્ધામાં ઉતારવા હવે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં સોફટવેર, ઈન્ટરનેટ ઓફ થીંગ્સ, ઈલેક્ટ્રોનીક, આઈટી, આઈટીએસ, બીપીઓ-કેપીઓ, ટેલિકોમ-આઈએસપી સહિતના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને તેઓને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરવાના હેતુથી રાજયમાં હવે ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના એક નવા અભિગમને આગામી દિવસોમાં સાચા અર્થમાં ચરિતાર્થ કરવામાં આવશે. આ માટે રાજયના આઈસીટી ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતા ગેસીઆ આઈટી એસોસીએશન દ્વારા ડિટેઈલ્ડ સર્વે, અભ્યાસ અને ડિજિટલ મેનેજમેન્ટ ડ્રાઈવ સહિતના અનેકવિધ પ્રોત્સાહક કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવશે. એટલું જ નહી, આગામી વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૯માં પણ ગેસીઆ આઈટી એસોસીએશન ફયુચરીસ્ટીક ટેકનોલોજી અને સાયન્સ એન્ડ ટેકનોલોજીના ક્ષેત્રે મહત્વની ભૂમિકા અદા કરશે એમ અત્રે ગેસીઆ આઈટી એસોસીએશનના અધ્યક્ષ મૌલિક ભણસાલી અને ઉપાધ્યક્ષ તેજિન્દર ઓબેરાયે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં ફાર્મા, પેટ્રોકેમીકલ્સ, ઓટોમોબાઈલ્સ, જેમ્સ એન્ડ જવેલરી અને એન્જિનીયરીંગ સર્વિસ સહિતના ક્ષેત્રોમાં ગુજરાત અગ્રેસર છે અને વિદેશના બજારોમાં ખાસ કરીને વૈશ્વિક સ્પર્ધામાં પણ તે ઘણી ઉમદા તકો હાંસલ કરી શકે તેમ છે પરંતુ આઈટી અને ટેકનોલોજીની સાથે સાથે ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં હજુ રાજયના આઈસીટી ઉદ્યોગો થોડા ઉણા ઉતરી રહ્યા છે, તે કચાશ દૂર કરવાનો અને રાજયના આવા તમામ ઉદ્યોગોને ટેકનોલોજી ઈકોસીસ્ટમમાં સહાયભૂત બનવા અને તેમને ડિજિટલી સાઉન્ડ અને ફુલપ્રુફ બનાવવા ગેસીઆ આઈટી એસોસીએશને હવે અસરકારક પ્રયાસો હાથ ધર્યા છે. સાથે સાથે આ ઉદ્યોગોમાં ડિજિટલી કેપીબીલીટીની સક્ષમતા સજ્જ કરી કુશળ માનવબળની પણ જે ઉણપ છે, તેને પણ દૂર કરવાનો પ્રયાસ કરાશે. જેને પગલે રોજગારીની નવી અને વિશાળ તકો પણ ઉભી થશે. આ માટે એસોસીએશન દ્વારા કુશળતા અને પુનઃકુશળતા વિકસાવવાના હેતુસર રાજયની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ સાથે પણ કામ કરવામાં આવશે. તો, ભાવિ ઉદ્યોગો અને નવા ઉદ્યોગ સાહસિકોને કાયદા, બૌધ્ધિક સંપદા, માનવ સંશાધન, ટ્રેડ ફેરમાં ભાગીદારી, આઈટી નીતિઓ, એમએસએમઈ નીતિઓ, સ્ટાર્ટ અપ સહિતના ક્ષેત્રોમાં માર્ગદર્શન અને સાચી દિશાની પણ તાતી જરૂરિયાત રહે છે, તો તેઓના માટે પણ એસોસીએશન દ્વારા વિનામૂલ્યે હેલ્પ ડેસ્કની સેવા સ્થાપવામાં આવશે. ગેસીઆ આઈટી એસોસીએશનના અધ્યક્ષ મૌલિક ભણસાલી અને ઉપાધ્યક્ષ તેજિન્દર ઓબેરાયે વધુમાં જણાવ્યું હતું કે, આગામી વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૯માં પણ ગેસીઆ આઈટી એસોસીએશન ફયુચરીસ્ટીક ટેકનોલોજી અને સાયન્સ એન્ડ ટેકનોલોજીના ક્ષેત્રે મહત્વની ભૂમિકા અદા કરશે.

**PUBLIC NOTICE**

Adv. P.S. Naik

IN THE IIND LABOUR COURT AT THANE
BEFORE SMT. M.Y. AMRUTKAR, JUDGE
Con.Delay.A.(WCA)No.420/I-120/2014

Shri Mohd.Shamshad Abdul Gaffar .... Applicant

V/s

M/s. Chem Acid Traders & Ins. .... Opponent
103/104, Shaneshwar Arched,
Opp. Radhika Restaurant,1
150 Ft Ring Road, Mavdi Chowk,
Rajkot, Gujrat - 260001.

**In the matter of Condonation of Delay**

**NOTICE**

Whereas applicant/complainant has been made in application for condonation of delay to this Court, (Copy of the application/complaint enclosed herewith) **Notice is given to you to show cause as to why application for condonation of delay should not be granted.** Please take further notice that the said application/complaint will be taken up for hearing by the court **at 11.00 a.m.** Or at such time immediately thereafter according to the convenience of the court on 05/01/2019 in the Labour Court, At Thane. You are hereby required to appear in person or through any other person duly authorised to appear or by duly authorised council, Advocate, Pleader or a representative, as the case maybe, at the aforesaid time and place.

Address:
Office of the Labour Court
Office Complex, MIDC Bldg.,
2nd & 3rd Floor, Mulund Check
Naka, Thane(W) - 400 604.

By Order

Court Seal

I/c Secretary
Labour Court, Thane.